ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research E-Journal

# પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના

વનરાજ મકવાણા

B.A. M.A. (અર્થશાસ્ત્ર)

B.Ed (Running)

➢ **સારાંશ:**

આ સંશોધન પત્રનો મુખ્ય હેતુ PM-KISAN યોજનાથી ભારતની અંદર રહેલા નાના અને સિમાંત કદના ખેડૂતોને મળતી આર્થિક સહાયનો અભ્યાસ કરવાનો છે. આ સંશોધન પત્રમાં સરકાર અને તેની યોજનાનો વિસ્તૃત અભ્યાસ કરવામાં આવ્યો છે. આ યોજનાથી ભારતમાં 12 કરોડ ખેડૂતોને લાભ મળશે અને પ્રતિવર્ષે રૂ.6000 ની આર્થિક સહાય કરવામાં આવશે. આ યોજનાથી ભારતમાં ખેડૂતોની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થશે અને તેથી ખેડૂતોના જીવનધોરણમાં સુધારો થશે.

➢ **મહત્વના શબ્દો**: PM-KISAN

➢ પ્રસ્તાવના:

ભારત ખેતીપ્રધાન દેશ છે. ભારતમાં આજે પણ દેશની મોટાભાગની વસ્તી ખેતી ક્ષેત્ર પર નિર્ભર છે અને તેની આર્થિક પરિસ્થિતિ અતિ દયનીય છે. ભારતની ખેતીને આકાશી ખેતી તરીકે ઓળખવામાં આવે છે અને તે લગભગ વરસાદ પર આધારિત છે. આથી ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજનાની જાહેરાત 1 ફેબ્રુઆરી 2019 ના અંદાજપત્ર માં કરવામાં આવી છે અને આ યોજનાનો અમલ 24 ફેબ્રુઆરી 2019 ના રોજ કરવામાં આવ્યો. આ યોજનાનો લાભ દેશના નાના અને સિમાંત કદના ખેડૂતોને મળશે.

- Full name: PM-KISAN= Pradhan Mantri KIsan SAnman Nidhi.

➢ **હેતુ:**

ભારતમાં રહેલ નાના અને સીમાંત ખેડૂતોને મળતી આર્થિક સહાયનો અભ્યાસ કરવો.

➢ **સંશોધન પદ્ધતિ:**

પ્રસ્તુત યોજનાના અભ્યાસ માટે ગોણ માહિતીનો આધાર લેવામાં આવ્યો છે. આ સંશોધનપત્રમાં વર્ણનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

➢ ઇતિહાસ:

- આ યોજનાની જાહેરાત સરકાર દ્વારા 1 ફેબ્રુઆરી 2019 ના વચગાળાના બજેટમાં કરવામાં આવી.
- આ યોજનાની શરૂઆત વડાપ્રધાન શ્રી દ્વારા 24 ફેબ્રુઆરી 2019 ના દિવસે ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લા

માંથી કરવામાં આવી.

- આ યોજનાની શરૂઆત ગુજરાતમાં મુખ્યમંત્રી દ્વારા રાજકોટથી કરવામાં આવી.

આજ દિવસના રોજ પ્રધાનમંત્રી દ્વારા ગોરખપુરના ખેડૂતને રૂ.6000 માંથી પ્રથમ રૂ.2000 હપ્તો RTGS દ્વારા તેના બેંક ખાતામાં જમા કરવામાં આવ્યો.

➤ **આ યોજનાનો લાભ કોને મળી શકે:**

- ભારતમાં 2 હેક્ટર અથવા 5 એકર કે તેથી ઓછી જમીન ધરાવતા નાના અને સીમાંત ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે.
- જો ખેડૂતની જમીન 2 હેકટર થી વધુ હશે તો આ લાભ મળવાપાત્ર નથી.
- જે ખેડૂતનું નામ 1 ફેબ્રુઆરી 2019 ના જમીન રેકોર્ડમાં હશે તેને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

➤ **આ યોજનાનો લાભ કોને ન મળે:**

(અ) તમામ સંસ્થાકીય જમીન ધારોકોને.

(બ) જે ખેડૂત પરિવારના એક અથવા વધુ સભ્યો નીચે મુજબની લાયકાત ધરાવતા હોય..

- વર્તમાન અને નિવૃત્ત સરકારી કર્મચારીઓ.
- વર્તમાન અને ભૂતપૂર્વ રાજકારણીઓ, નગરપાલિકાના સભ્યો તેમજ સ્થાનિક સ્વરાજ્ય જૂથના ચૂંટાયેલા સભ્યો અને અધ્યક્ષો.
- છેલ્લા વર્ષમાં જેને આવક વેરો ભરેલ હોય તેવા તમામ લોકો.
- વ્યવસાયી સંસ્થાઓ સાથે નોંધાયેલા ડોક્ટરો, એન્જિનીયરો, વકીલો તેમજ બીજા વ્યવસાયમાં જોડાયેલા હોય તેવા લોકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

➤ **આ યોજનાનો લાભ મેળવવા માટેના જરૂરી દસ્તાવેજો:**

- નાગરિકતાનું પ્રમાણપત્ર.
- જમીનધારકનું પ્રમાણપત્ર.
- આધારકાર્ડ.
- બેંક ખાતાની વિગત.
- મોબાઈલ નંબર

➤ **નાણાકીય વ્યવસ્થા**

- આ યોજના માટે વર્ષ 2019-20 અંદાજપત્રમાં રૂ.75000 ની ફાળવણી કરવામાં આવી.
- કેન્દ્ર સરકાર આ યોજના માટે સંપૂર્ણ ભંડોળ પૂરું પાડશે.
- ભારતના આશરે 12 કરોડ નાના અને સીમાંત ખેડૂતોને લાભ મળશે.

- દરેક ખેડૂતને પ્રતિવર્ષે રૂ.6000 આપવામાં આવશે.

➢ **મૂલ્યાંકન:**

**[A] હકારાત્મક:**

- ભારતમાં નાના અને સીમાંત ખેડૂતોની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થશે.
- આ યોજનાથી 12 કરોડ લોકોને ફાયદો થશે જે એક સારી બાબત ગણાવી શકાય.
- આ યોજનાની રકમ ખેડૂતને સીધા જ તેના બેન્ક ખાતામાં જમા કરવામાં આવતા હોવાથી ભ્રષ્ટાચાર નહિવત પ્રમાણમાં થશે.
- આ યોજનામાં જે રકમ આપવામાં આવે છે તેનાથી ખેડૂતો બિયારણ, દવાઓ, રસાયણિક ખાતર વગેરે ખરીદી શકશે.

**[ B ] નકારાત્મક:**

- ભારતમાં ખેડૂતોના કુટુંબ ખર્ચને ધ્યાને લેતા આ રકમ ખૂબ નાની ગણાય છે જે એક મર્યાદા બની રહેશે.
- આ યોજના પાછળ સરકારનો હેતુ પ્રલોભન હોય તેવી સંભાવના છે.

આ યોજનાની રકમ ખેડૂતોને એકીસાથે આપવામાં આવતી નથી. પરંતુ, હપ્તા પદ્ધતિથી આપવામાં આવે છે તેથી ખેડુતના કલ્યાણમાં ઘટાડો થાય છે.

VIDHYAYANA

➢ **CONCLUSION:**

ભારતની અંદર નાના અને સીમાંત ખેડૂતોનું પ્રમાણ આશરે 83% જેટલું છે. તેની પાસે બે હેકટર કરતાં પણ ઓછી જમીન હોવાથી તેની આર્થિક સ્થિતિ તથા દેશની અંદર થઈ રહેલ ખેડૂતોની આત્મહત્યાના પ્રશ્નો તથા તેના જેવા અન્ય પ્રશ્નોને ધ્યાને રાખી ખેડૂતલક્ષી આ યોજના બહાર પાડવામાં આવેલ છે તેની સમસ્યાઓ, ફાયદાઓ, ગેરફાયદાઓ વગેરે ધ્યાને લઇ આ સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

➢ **સંદર્ભ સૂચિ:**


- Pmkisan.gov.in
- Pmkisan.nic.in
- Budget 2019-2020